July 2023

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
1878 સેવા * સહકાર * સંગઠન 1912
Shree Patan Jain Mandal

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Year 18 ● Issue 10 / 209
● Mumbai ● Page 24 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...



દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

વ્હાલા સ્નેહી સ્વજનો,

*પ્રણામ !*

મારા દિલની વાતો વિચારોનું વ્હેણ....

આપણા સમાજના ધર્માનુરાગી ભાઈઓ/બહેનો તપ, જપ અને આરાધનામાં લીન બન્યા હશો અને આપ સહુ સુખ-શાતામાં રહેજો તેવી શ્રી પાટણ જૈન મંડળના કમિટિ મેમ્બરોની શુભકામના છે.

અમારી ટીમ આપની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી રહી છે. જ્યારથી મને પ્રમુખ સ્થાન મળ્યું અને આપ સૌએ મારામાં જે વિશ્વાસ મૂક્યો છે તે મુજબ જરૂરથી ધારેલા કાર્યો ખૂબ જ સારી રીતે આગળ વધારી રહ્યા છીએ. મારા માટે **Humanity is my God and Social Service for our Society is my Religion** મારા જીવનનું એક સૂત્ર બનાવી રાખ્યું છે કે; **"Hands that help are much more holier than Lips that Pray"** મારા સાથી મિત્રોની ટીમના મન મજબૂત છે. સમાજ માટે શું સૌથી ઉત્તમ કાર્ય થઈ શકે તેવો સંકલ્પ છે. બધા સાથે મળીને **Fellowship** થી **Harmaony** થી કામ કરે છે, જેના કારણે આજે એક સુંદર વાતાવરણ ઊભુ થઈ રહ્યું છે.

મને વધુ જણાવતાં આનંદ અને ગર્વની લાગણી થાય છે, સમાજના ઉદાર દિલ દાતા પરિવારો **''સૌરભ મેડિકલ હેલ્થ કેર''(ગોરેગામ ન્યુ પ્રોજેક્ટ)** માટે પોતાના પરિવારના નામ આપીને આગળ આવે છે. હમણાંજ બીજા સાત પરિવારોએ લાભ લીધો છે. હું આ દાતાઓની ભૂરી ભૂરી અનુમોદના કરું છું.જેમના નામ નીચે મુજબ છે

| | | |
|---|---|---|
| ✱ | Late Shri Champaklal Manilal Jhaveri - CARDIOLOGY DEPARTMENT<br>Late Smt. Vasantben Champaklal Jhaveri<br>Haste: Shri Bhupendrabhai Champaklal Jhaveri<br>Shri Dhananjaybhai Champaklal Jhaveri (Manmohanji ni Sheri) | 2.50 cr |
| ✱ | Smt. Neelaben Ashokbhai Popatlal Shah - SADHU BHAGWANT ROOM<br>(Kanasano Pado) | 50 Lc |
| ✱ | Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah - SADHVIJI BHAGWANT ROOM<br>(Kanasano Pado) | 50 Lc |
| ✱ | Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri - MEMMOGRAPHY<br>(Brahman Wado) | 50 Lc |
| ✱ | એક પુણ્યશાળી દાતા પરિવાર - GENERAL CONSULTING | 50 Lc |
| ✱ | Shri Shirishbhai Mafatlal Jhaveri - WAITING ROOM<br>(Kokano Pado) H. Smt. Vilashben Shirishbhai Jhaveri Parivar | 25 Lc |
| ✱ | Prince Devloper, Dharmeshbhai Ramcharan Pandit - RECEPTION ROOM<br>(Goregaon) | 25 Lc |

Cont. page 2

દાતાઓને ખૂબજ Helpful થાય એવી એક સુંદર સ્કીમ સંસ્થાએ બનાવી છે. **''સૌરભ હેલ્થ કેર સ્કીમ''માં આપશ્રી આપના શેરો (Indian Company Shares) સંસ્થાને ડોનેશન પેટે આપી શકો છો. આનો મોટો ફાયદો એ છે કે, દાતાને અને સંસ્થાને એક પણ રૂપિયાનો Tax લાગતો નથી. આપ ડોનેશનની રકમ ચેક અથવા શેર થકી સરળ હપ્તાથી બે વર્ષમાં આપી શકો છો. દાતાઓને નમ્ર અપીલ કરીએ છીએ કે આ સ્કીમનો સારામાં સારો લાભ લઈને પુણ્યાનુબંધી પુણ્ય મેળવીને તમારું નામ સદાય માટે અમર કરો એવી અભ્યર્થના.**

મને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે અને ગર્વની લાગણી થાય છે કે દરેક ઘરમાં **''સૌરભ મેડિકલ હેલ્થ કેર''**નું ખુબજ મહત્વનું અને ઉપયોગી બ્રોશર મળી ગયું હશે, કદાચ કોઈ ફેમિલીને ન મળ્યું હોય તો શ્રી પાટણ જૈન મંડળની ઓફિસમાં ફોન કરીને મંગાવી શકશો. આ બ્રોશરમાં વિવિધ પ્રકારની ડોનરોની સ્કીમ જણાવેલી છે.

કોઈપણ સેવાકીય સંસ્થાનો પાયો એટલે દાતાઓ અને કાર્યકરો. દાન આપનાર દાતાઓ મળે, પરંતુ ઘસાઈને ઉજળા થવાની ભાવના ધરાવતા નિયમિત કાર્યકરોની મહેનત થી જ સંસ્થા દીન દુઃખીયા સુધી પહોંચી શકે છે.

**તા. ૯ જુલાઈ ૨૦૨૩ના** દિવસે આપણા પાટણ સમાજના પ્રતિષ્ઠિત અને સેવાભાવી લગભગ ૭૫ થી વધારે ડૉક્ટરોએ ઉપસ્થિત રહીને સમાજમાં તેમનું યોગદાન આપવાની સંપૂર્ણ તૈયારી બતાવી છે, **CEO આનંદ આંધેએ** મશીનોની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે મશીનો ઈન્ડિયામાં **AIMS** વાપરે છે. મોટી મોટી હૉસ્પિટલો મુંબઈમાં જેવી કે હિન્દુજા, લીલાવતી, કોકીલાબેન, રિલાયન્સ હૉસ્પિટલ તથા મેટ્રોપોલિસ, સર્બબન અને N.K. પેથોલોજી લેબ વિગેરે જગ્યા પર જે મશીનો ચાલે છે તેવા બ્રાન્ડેડ મશીનો આપણે ત્યાં લાવવાના છીએ. સીઈઓ આનંદ આંધેએ આપણા હેલ્થ કેરમાં જોડાવવા માટે તૈયારી બતાવી છે, તેમનો પરિચય આપવામાં આવ્યો હતો. આ વિશેનો અહેવાલ વિગતવાર 'પ્રતિબિંબ'ના આજ અંકમાં આપેલો છે. **માનદમંત્રી શ્રી હેમંતભાઈ સાલવીની આગેવાનીમાં શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ, શ્રી દિનેશભાઈ શાહ (પોળની શેરી), શ્રી મિલનભાઈ શાહ (કોકાનો પાડો), શ્રી હેમંતભાઈ શાહ (પોળની શેરી) તથા અન્ય બધાજ મેડિકલ કમિટિના સભ્યોની ખૂબજ સારી નિષ્ઠાપૂર્વકની મહેનતથી સફળતા મળી છે. ડોક્ટર્સો તથા મેડિકલ કમિટિને ખૂબ ખૂબ અભિનંદન.**

**ISO-9001-201S Certificate** નું ઓડિટ થઈ ગયેલ છે. જણાવતાં ખૂબજ આનંદ થાય છે કે, આપણને સર્ટિફિકેટ આપવામાં આવેલ છે. **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ**ની આગેવાનીમાં એડમીન ટીમે ખૂબજ સારી મહેનત કરેલ છે, જેમાં **ISO Lead Manager** માનનીય **શ્રી હિતેશભાઈ જશવંતલાલ શાહે** લીધેલ છે. **વર્ષ દરમ્યાન અનેક મીટીંગ કરીને સ્ટાફને એજ્યુકેટેડ કરીને આ સર્ટિફિકેટ હાંસલ કરેલ છે.** મારી એડમીન ટીમને ખૂબ ખૂબ અભિનંદન ને ખૂબજ સરાહનીય કામ કરવા બદલ **હિતેશભાઈને** પણ ખૂબ ખૂબ અભિનંદન.

ગોરેગામ, જવાહર નગર ખાતે શ્રી શાંતિનાથ જિનાલયની બાજુમાં ૨૨ માળનું બિલ્ડીંગ બની રહ્યુ છે (અંજલીબહેનનું) તેમાં બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર મળીને **૭૫૦૦ ફુટની જગ્યાનું MOU** કરીને **10%** પેમેન્ટ કરેલ છે. **ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પઝેશન મળવાની આશા છે.**

હું મારી જાતને ભાગ્યશાળી ગણું છું કે, પોતાના વ્યવસાયમાં વ્યસ્ત હોવા છતાં બધા ડૉક્ટરોએ **''સૌરભ મેડિકલ હેલ્થ કેર''**માં પોતાની સેવા આપવાની તૈયારી બતાવી છે. વધુમાં જણાવતાં આનંદ થાય છે કે **તા. ૧૫ મી ઓક્ટોબર, ૨૦૨૩, આસો સુદ ૧ રવિવારે આ સેન્ટરનું મંગલમય પ્રારંભ કરવાનું નિર્ણય લેવામાં આવ્યો છે.** I.B. Patel School ના હોલમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં બધાજ દાનવીર દાતાઓ, ડૉક્ટરો અને સમાજનાં અગ્રગણ્ય મહેમાનોને આમંત્રણ આપીને આવકારીશું. હાલ પુરતી ભાડાની જગ્યામાં આ સેન્ટર કાર્યરત થશે.

**ઘડો નદીમાં ઝુકે છે, તો નદીના જળને પોતાનું બનાવી દે છે. આપણો પ્રેમ પ્રભુના ચરણમાં ઝુકે છે તો પ્રભુના ગુણોને પોતાના બનાવી લે છે. તેમ દાનવીર દાતાઓ દાન આપવા હાથ લંબાવે છે ત્યારેજ સમાજને પોતાનો પરિવાર બનાવી લે છે.**

**At PJM We are always a work in progress we want to take our mission Medical Health Care Project forward in the best possible manner....**

**અસ્તુ**

# 'તું જ તારો દીવો થા'



મારા પ્યારા વાચક મિત્રો !
પ્રણામ !

ચાતુર્માસ શરૂ થઈ ગયું છે દરેકે દરેક જૈન સંઘોમાં ઉપાશ્રયોમાં પૂ. આચાર્ય ગુરુ ભગવંતો, પૂ. સાધ્વીજી ભગવંતો વિગેરેનો સુખ શાતાપૂર્વક પ્રવેશ થઈ ગયો છે. 'ગુરુપૂર્ણિમા'ના અવસરે ગુરુપૂજન દ્વારા આશિર્વાદ મેળવીને મન પુલકિત બની ગયું હશે.

જેમ મેઘને વરસતો જોઈને ચાતક મોં ખોલે છે. મોં માં પાણીનું એક બૂંદ પડતા ચાતકનું મન મયુર નાચી ઊઠે છે. તેની તૃષ્ણા તત્કાળ દૂર થાય છે તે રીતે **ગુરુનું આગમન થતાં માનવીના હૃદયની ભૂમિ પર ગુરુના જ્ઞાનની વાણીનો વરસાદ પડતાં માનવીના હૃદયમાં આત્મબીજના અંકુરો ફુટે છે. તેમની વાણીનું એકાગ્ર ચિત્તે શ્રવણ કરતાં ઉચ્ચ કોટિના આત્માઓના ભાવ અને ભવ બન્ને બદલાય જાય છે, જે આત્મકલ્યાણને માર્ગે લઈ જાય છે.**

**જ્ઞાન એ સર્વ પ્રકારનું કારણ છે. જ્ઞાન પ્રગટ થાય એટલે અજ્ઞાનના અંધારા દૂર થઈ જાય. અજ્ઞાન દૂર થતાં જ આત્માની ઓળખ થાય. સાચી ઓળખ પ્રાપ્ત થાય પણ સાચી ધાર્મિકતાને સમજ્યા વિના માત્ર ઈચ્છાઓ પૂરી કરવા માટે ભક્તિ કરનારા કે તીર્થયાત્રા કરનારો, વ્રત-તપ-જપ કરનારાઓને સાચો આનંદ નથી મળતો કે નથી ઈશ્વરત્વની પ્રાપ્ત થતી. મંદિરમાં જઈને ભગવાન પાસે તો રોજ દીવો કરે પણ દિલમાં દિવો ન પ્રગટે તો કોઈ લાભ નથી.**

એક ભક્ત મંદિરમાં દર્શન કરવા ગયો. પ્રભુ પાસે જોરજોરથી સ્તુતિ ગાવા લાગ્યો. ભગવાનને રીઝવવાના ખૂબ ખૂબ પ્રયત્નો કર્યા. પૂજા, અર્ચન, દીવો-આરતી, વિ.વિ. કર્યા. નૈવેદ્ય-ફળ-ફૂલોના થાળ ચડાવ્યા. અંતમાં ઘંટનાદ કર્યો. આમ બે-ત્રણ કલાક સુધી મંદિરમાં રહીને પ્રભુભક્તિ કરી બહાર આવ્યો. મંદિરના ઓટલા પર બેઠો. ખૂબ થાકેલો હોવાથી ત્યાં જ તે સૂઈ ગયો. પ્રભુ તેના સ્વપ્નમાં આવ્યા. વહાલથી પ્રભુએ તેને માથે હાથ ફેરવ્યો અને ભક્તની પાસે બેઠા. ભક્તે પ્રભુ પાસે માંગણી કરી, તે બોલ્યો; હે ભગવાન ! મારા જીવનમાં અજવાળું ક્યારે થશે ! હું તો બહુ દુઃખી છું. અંધારામાં જ ભટક્યા કરું છું. જીવન જીવવાનો કોઈ માર્ગ મને દેખાતો નથી. ખૂબ થાકી ગયો છું. હારી ગયો છું.

આ સાંભળી ભગવાનના ચહેરા પર મલકાટ આવી ગયો. તેને થયું કે માણસને ગમે તેટલું વધારે આપો તો પણ તેને ઓછું જ પડવાનું છે. માનવી હંમેશા મારા દ્વારે એક માંગણના રૂપમાં જ આવીને ઊભો રહે છે. ભગવાને ભક્તને કહ્યું; 'મારે તો જે તને આપવાનું હતું તે બધું જ તને આપી દીધું છે. તારી અંદર અદ્‌ભુત દુનિયા પડેલી છે તેનો પરિચય તું જાતે જ મેળવ. તું જ તારો દીવો બનીને તારું જીવન ઝળહળતું બનાવી શકે છે. ક્યાં સુધી તું બીજાના પ્રકાશમાં જીવતો રહીશ. ભલે ને નભના સૂરજ કે ચંદ્ર અને તારાઓ અજવાળું લઈને આવે પણ તારા આત્માનો દીવો પ્રગટાવવા માટે તો તે બધા પારકાં છે.' ભગવાનની આ અર્થસભર વાણી સાંભળીને ભક્ત જાગૃત થઈ ગયો તે સ્વપ્નમાંથી બહાર આવીને આત્મચિંતનમાં સરી પડ્યો. ઈશ્વર આપણી બધી જ કાળજી રાખે છે, પરંતુ સૌથી વધારે ખ્યાલ તો આપણા અંતઃકરણનો જ રાખે છે તેથી જ વારંવાર સમજાવે છે કે; 'તું જ તારો દીવો થા' એક નાની શી દિવાસળી જ્યોતને પ્રગટાવે તેટલા સમયમાં તો તું શ્રદ્ધાપૂર્વકની કરેલી પ્રાર્થના, સ્તુતિ દ્વારા તારી ભીતરની ચેતનાને જગાડી શકે છે. આપણા જીવનમાં બનતી સારી-નરસી ઘટનાઓ માટે ઈશ્વરને કે અન્ય કોઈને પણ જવાબદાર ગણવા નહીં. માણસને જે કાંઈ મળે છે તે તેના પોતાના કર્મોના સિદ્ધાતને આધારે છે. **ભગવાન માણસના હૃદયમાં પ્રવેશવા આતુર છે પણ માણસની અંદર રહેલા અહંકારે ભગવાનને પ્રવેશ નથી આપ્યો.**

જીવન એક ગાગર છે, એમાં અમર્યાદ અપેક્ષાઓ ભરવાની કોશિષ આપણે કરી રહ્યા છીએ. તૃષ્ણાઓનો અંત નથી. તેથી શુદ્ધ આચાર વિનાનું જીવન છે આગ્રહો અને દુરાગ્રહો, જિદ અને જડતાં સાથે અહંકારનો ભાર લઈને વૈચારિક જડતા સાથે જીવીએ છીએ. મંદિરમાં જઈને ભગવાનની મૂર્તિને પાણીથી પક્ષાલન કરીએ છીએ પણ આપણા દ્રષ્ટિકોણને શુદ્ધ આચારા-વિચારોના જળથી સ્નાન કરાવીને મંદિરમાં જઈએ તો ભગવાન આપણા પર સૌથી વધારે રાજી રહે પણ તેમની સાથેનો આપણો સંબંધ 'પાર્ટ ટાઈમ'નો જ છે. 'ફૂલ ટાઈમ'નો નથી. દુઃખ આવે ત્યારે ભગવાન યાદ આવે અને સુખ મળે ત્યારે ભગવાનને ભૂલી જવાય.

પ્રભુ પ્રત્યે અપરંપાર શ્રદ્ધા હોવી જોઈએ, યાચનાનું પાત્ર લઈને દોડવા કરતા શ્રદ્ધાપૂર્વક વંદન કરવા એ જ તેનો સાક્ષાત્કાર કરવા બરાબર છે. **આપણી જાતને ધર્મનિષ્ઠ, સત્યનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ બનાવી લઈએ તો ભીતરમાં દીવાની જ્યોત પ્રગટી ઉઠે. વિવેક અને સંયમ, ત્યાગ અને સમર્પણતાના ગુણો ખીલવવા જોઈએ. સંસારમાં પ્રથમ થવાની દોડમાં ક્યારેય ન પડવું. જે લોકો આ દોડમાં પડે તેના સુખ-ચેન ખોવાઈ જાય છે. તેનો ધર્મ બદલાઈ જાય છે. માણસાઈના ગુણો રહેતાં નથી. તેથી પ્રેમ, સમતા અને સંતોષના ગુણો જો ખીલ્યા હશે તો માણસ પોતે જ પોતાનો દીવો બનીને ભીતરમાંથી ઝળહળી ઊઠે છે. જેનો પ્રકાશ તે બીજાને આપી શકે છે.**

**માણસનું અંતિમ ધ્યેય તો એક જ રહ્યું છે તે છે સુખની ચરમસીમા ભણી પ્રગતિ - ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.**

**'જગદીશ જેના ઈશ થાય, એની સઘળી વીશ (Wish) સફળ થાય. જેના દિલમાં જગદીશ રહે, જીવન તેનું સદાયે ઝળહળે.'**

**અસ્તુ**

❑ ભારતી બી. શાહ

# શ્રી પાટણ જૈન મંડળ ISO (International Orgenaizetion System)

શ્રી પાટણ જૈન મંડળનું **ISO** પ્રમાણપત્ર મેળવવા તેને આનુસાંગિક પ્રક્રિયાઓની વિસ્તૃત સમજણ આપવા શનિવાર તા. ૧૭ જૂન, ૨૦૨૩ના પાટણ જૈન મંડળ સભાગૃહ ખાતે એક ચર્ચા સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં **ISO**ની કાર્યવાહી અને પ્રમાણપત્ર વિશેની માહિતી આપવા અમદાવાદથી ખાસ **શ્રી અંકિતભાઈ** ઉપસ્થિત રહ્યા હતા.

મંડળના માનદમંત્રી (એડમિનિસ્ટ્રેશન) **શ્રી હિતેશભાઈ** દ્વારા ઉપસ્થિત સર્વે ભાઈ-બહેનોને આવકાર આપી **શ્રી અંકિતભાઈનો** ટૂંકમાં પરિચય આપેલ અને **ISO** પ્રમાણપત્રની પૂર્વભૂમિકા સમજાવી હતી.

સત્રની શરૂઆતમાં **શ્રી હિતેશભાઈએ** સંસ્થામાં ગુણવત્તા, વ્યવસ્થાપન અને પ્રક્રિયા કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે **ISO System**ના મહત્વ પર ભાર મૂક્યો હતો. વધુમાં સ્પષ્ટ ઉદ્દેશ્યો નક્કી કરવા, એજન્ડા બનાવવા અને અસરકારક મિટિંગો આયોજિત કરવા માટે તમામ ઉપસ્થિતિઓનો સક્રિય સહયોગ જરૂરી રહેશે તેમ જણાવ્યું હતું. તેમણે **Programme Planar Tool**નો ઉપયોગ કરવા અને કાર્યક્ષમ રીતે કાર્યક્રમોનું આયોજન કરવામાં મદદ કરવા માટે માર્ગદર્શન પણ આપ્યું હતું. સાથોસાથ **Power Point Presentation** ની મદદથી **ISO System** કેવી રીતે **implement** થશે તે સમજાવ્યું.

**શ્રી અંકિતભાઈએ ISO** એટલે ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન સિસ્ટમ પર વિગતવાર રજૂઆત કરી અને તેના વિવિધ ઘટકો, કાર્યક્ષમતા અને અમલીકરણના ફાયદાઓ વિશે પ્રકાશ પાડયો. વધુમાં જણાવ્યું કે આ સિસ્ટમનો યોગ્ય અમલીકરણ આપણા સમાજને નાણાંકીય સહાયની જોગવાઈને લગતી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવામાં મદદ કરશે અને આપણા મંડળની કામગીરીમાં પારદર્શિતા વધારશે.

ત્યારબાદ સિસ્ટમના અમલીકરણ કે અન્ય મુંઝવણ કે સ્પષ્ટિકરણ અને પ્રોગ્રામ પ્લાનિંગ સંબંધિત પ્રશ્નો પરત્વે ચર્ચા કરવામાં આવી હતી અને તેના સંતોષકારક ખુલાસાઓ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે **પ્રમુખશ્રી દાનેશભાઈએ શ્રી હિતેશભાઈ તથા શ્રી અંકિતભાઈ** દ્વારા લેવાયેલ સખત જહેમતને બિરદાવતા જણાવ્યું હતું કે **ISO System** અમલીકરણથી આપણે દેશ-વિદેશમાંથી પણ દાન મેળવવામાં યશસ્વી થઈ શકીશું.










# દાન અપાવે વરદાન

ગ્રીષ્મઋતુની અસહ્ય ગરમી પસાર થયા પછી અષાઢી મેહુલો વરસી પડે ત્યારે પૃથ્વીના તમામ જીવોને શાતા મળે છે, તો કૃષિકારોના દિલ આનંદથી ઝૂમી ઊઠે છે. ચાતક પક્ષીની તૃષા છીપાય છે બરાબર આવા જ સમયે જૈનોના દિલ અને હૃદય પણ આનંદ-આનંદથી જ ભરાઈ જાય છે. લો આ શરૂ થયું ચાતુર્માસ! પરમ પૂજ્ય ગુરુ ભગવંતો સાથે પરમ પૂજ્ય શ્રમણીજી ભગવંતોનું પણ આગમન થાય છે, ભવ્યાતિભવ્ય રીતે તેમનું સ્વાગત કરવામાં આવે છે ચાર-ચાર મહિના સુધી ગુરુની વાણીનું આચમન કરવા મળે છે.

આપણે સહુ આદિ કાળથી જૈન શાસનના ઈતિહાસમાંથી શીખ્યા છીએ કે ગૃહસ્થ ધર્મની શરૂઆત જ દાન દ્વારા થાય છે. ભગવાન **મહાવીરસ્વામીનો પ્રથમ ભવ નયસાર સુથાર હોય કે પ્રથમ તીર્થંકર ઋષભદેવનો પ્રથમ ભવ ધન્ના સાર્થવાહ. નાનકડો ગરીબ બાળક માત્ર પ્રેમથી જ પોતાના ભાગની ખીર વહોરાવી દે અને શાલીભદ્રના નામે મારા, તમારા, આપણા સહુના હૈયામાં વસી જાય.**

**શેઠ મોતીશા, શેઠ પેથડશા, શેઠ જગડુશા, ભામાશા, વસ્તુપાલ - તેજપાલ જેવા અનેક શાહ સોદાગરોની ગાથા આજે પણ ગવાય છે તેનું કારણ શું? માત્ર એક જ ''સ્વ-પરના કલ્યાણ માટે ત્યાગ કરવો તે દાન''**

**હૃદયમાં બીજા જીવો પ્રત્યે અનુકંપા લાવીને હૃદયને કોમળ બનાવીને પોતાની પાસે છે તે બીજાને આપવું તેનું નામ દાન. બીજાના દુઃખ, દર્દને જોઈને દિલ દ્રવી ઉઠે અને અનુકંપા અર્થે સામી વ્યક્તિની શાતાને અર્થે જે અપાય છે તેનું નામ છે દાન.**

કચ્છની એ ધરતી પર ભદ્રાવતી નગરી, તેમાં એક મહાન દાનવીર જગડુશા થયા અને તેમના ધર્મપત્ની ધર્મના રંગે રંગાયેલા હતા.

કચ્છમાં આગલા વર્ષનો દુષ્કાળ હતો અને પછી આવ્યો વરસાદ ૭ દિવસની હેલી થઈ. લોકોને બહાર નીકળવાનું પણ બંધ થઈ ગયું. ૭ દિવસ પછી જગડુશા વિચારે છે. ''અત્યારે અવસર છે, મારી પાસે એક બિયારણનો કોથળો સાચવેલો છે તેમાં આ વર્ષે મેઘરાજાની મહેર છે. ધરતી માતાની કૃપા છે, તો એ બિયારણ વાવવાની ભાવનાથી કોથળો લઈ ઘેરથી નીકળ્યા.

જગડુશા જેવા ખેતરના શેઢ પર પહોંચે છે, ત્યાં જ આગળ ભગવા વસ્ત્રધારી સાત સન્યાંસી બેઠા હતા. કપાળે ટીલું છે, હાથમાં ભગવાનની માળા છે અને પેટમાં ભૂખથી ખાડો છે. જગડુશાને લાગ્યું કે આ સન્યાસીનો આદર સત્કાર કરવો એ મારી પહેલી ફરજ છે સંન્યાસી પાસે જઈને વાત કરતા જાણવા મળ્યું કે આ ૭ સન્યાંસી સાથે બીજા ૧૭ ધર્મશાળામાં છે. જગડુશા પાસે જે બિયારણનો કોથળો હતો તે બિયારણ ખેતરમાં વાવે તો અનેકગણું થઈને મળે તેમ છે અને આ સન્યાંસીને આપી દે તો? ઘરમાં બિયારણના નામે કે ખાવાના નામે આટલા જ દાણા હતા.

જગડુશા થોડી ક્ષણ વિચારે છે કે 'આ બિયારણ ખેતરમાં વાવવું કે સંન્યાસીને શાતા ઉપજાવીને પરલોકનું પુણ્ય એકઠું કરવું? ખેતરમાં વાવવું તે તો સ્વાર્થનું કામ છે જયારે સાધુની ક્ષુધા શાંત કરવી એ પરમાર્થનું કામ છે, એમ વિચારીને સન્યાંસીના હાથમાં બિયારણનો કોથળો આપી દીધો.'

સંન્યાસીઓએ જગડુશાને અંતરના ઊંડા આશીર્વાદ આપ્યા. ઘરે જઈને પત્નીને બધી વાત કરી. તેમની પત્ની કહે; 'તમે ખૂબ સારું કામ કરીને આવ્યા તમે જરા પણ ચિંતા ન કરશો જગડુશા તથા તેમના ધર્મ પત્નીએ આજીવિકા ચલાવવા મજૂરી શરૂ કરી. ઉનાળાનો સમય આવ્યો પોતાનું મકાન માટીનું હતું, તેને લીપીને સારું બનાવવા માટે તેમના પત્ની જંગલમાં માટી ખોદવા જાય છે એ માટી ખોદતા ખોદતા એમાંથી એક ચકમકતો પત્થર નીકળ્યો તેને થયું, આ કંઈક કીમતી ચીજ લાગે છે ઘરે જઈને જગડુશા પત્નીને દેખાડે છે, જગડુશા હાથમાં લઈને હજુ તો જુએ છે ત્યાં જ એક જૈન યતિ તેમના ઘેર ગોચરી માટે પધાર્યા. તે બહુ જ્ઞાની હતા, યતિએ જોયું અને કહ્યું કે 'ભાઈ! હું જ્યોતિષ કહેવા નથી માંગતો પણ આજે તમારું ભાગ્ય ખૂલ્યું છે, પરમાત્મા તરફથી મળતો પૂણ્ય કર્મનો લક્કી ડ્રો તમને લાગી ગયો છે.''



આ પત્થરના સાંધાને તોડજો તેમાંથી જે લક્ષ્મી મળે તેને પરમાર્થમાં વાપરજો આ પત્થરમાં દિવ્યરત્નો છે એ દ્રવ્યનો ઉપયોગ દીનજનોના ભલા માટે જ કરજો. આટલું કહી એ યતિ ત્યાંથી નીકળ્યા સાથે એક તામ્રપત્ર નીકળ્યું. તેમાં લખ્યું હતું કે; કુરુરાજાએ આમાં સાત રત્નો રાખેલા છે. જગડુશાએ રત્ન વેચી વ્યાપાર શરૂ કર્યો વ્યાપારમાં લખલૂટ કમાણી થઈ ગઈ અને તે લક્ષ્મીનો ઉપયોગ અન્નદાનમાં જ કર્યો. ફરી દુષ્કાળના સમયમાં ભારત અને એશિયાના અન્ય દેશોમાં મફત અનાજ મોકલાવ્યું. 'દાનવીર તો જગડુશા' આ લોકોકિત આજે પણ છે. જગડુશા ત્રણ દુષ્કાળમાં બદલાની આશા રાખ્યા વિના ૭૦૦ ભોજનશાળામાં પાંચ અબજ મણ અનાજ મોકલ્યું તે સિવાય નિત્ય પ્રભાતે સ્વહસ્તે પણ દાન આપતાં.

**યાદ રાખવા જેવું છે 'દાન અપાવે વરદાન.'**

**સંકલન : ભારતી બી. શાહ**

# શ્રી પાટણ જૈન મંડળ આયોજિત મેડિકલ સમિતિ દ્વારા ડૉ. મીટ્સ અહેવાલ

સેવાને સમર્પિત શ્રી પાટણ જૈન મંડળ મેડિકલ સમિતિ દ્વારા તા. ૯ જુલાઈ ૨૦૨૩, રવિવારના રોજ સવારે આપણા પાટણ જૈન સમાજના બધાજ ડૉક્ટરોને પર્સનલ આમંત્રણ આપીને એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૭૫ થી વધારે ડૉક્ટરોએ ઉપસ્થિત રહીને સહુનો ઉત્સાહ વધાર્યો હતો.

મિટિંગમાં મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ શાહ,** ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ સાલવી,** સેક્રેટરી **શ્રી દિનેશભાઈ એસ. શાહ** (પોળની શેરી), **શ્રી નિખિલભાઈ આર. શાહ, જો. સે. શ્રી મિલનભાઈ શાહ, શ્રી હેમંતભાઈ જે. શાહ, શ્રી અશોકભાઈ શાહ** વગેરે અન્ય સમિતિના હોદ્દેદારો તથા મંડળના ઓફિસ બેરરર્સો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખ **શ્રી દાનેશભાઈ શાહે** ઉપસ્થિત સહુનું ભાવભર્યુ સ્વાગત કર્યું હતું, તેમજ કાર્યક્રમનો હેતું જણાવ્યો હતો અને મેડિકલ સેન્ટર માટે બધાને સાથ સહકાર આપવાની અપીલ કરી હતી.

**શ્રી હેમંતભાઈ સાલવીએ** પણ બધાને આવકાર આપ્યો હતો.

મંડળ દ્વારા ગત વર્ષથી મેડિક્લેઈમ પોલીસી યોજના તથા ચાલુ વર્ષ ડાયરેક્ટ મેડિસીન વિતરણ યોજનાનો પ્રારંભ કરી સમાજના વધુને વધુ પરિવારોને સહાયક બનવા તાકીદના પગલા લીધેલ છે.

નજીકના ભવિષ્યમાં શ્રી પાટણ સમાજને ગૌરવ અપાવે તેવા **'સૌરભ મેડિકલ હેલ્થ કેર'**માં વિવિધ પ્રકારના રોગોના નિષ્ણાંત ડૉક્ટરો તેમની માનદ્ સેવા આપવા તૈયાર થાય તેવા ભાવ અને આશયથી બધાનો સાથ અને સહકાર મળશે તેવી આશા સાથે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

**CEO ડૉ. આનંદે આંધેએ 'સૌરભ મેડિકલ હેલ્થ સેન્ટર'**નો પાવર પોઈંટ પ્રેઝન્ટેશન દ્વારા મેડિકલ સેન્ટરમાં ઉપયોગી થતી આધુનિક ટેક્નોલોજી વાળા મશીનોની તેમજ સેન્ટરમાં શરૂ થનાર વિવિધ ડિપાર્ટમેન્ટ વિશે સંપૂર્ણ જાણકારી આપી હતી.

**ડૉ. જનક મણિયાર, ડૉ. જીનમ શાહ અને ડૉ. કેરૂલ ઝવેરીએ** આ પ્રોજેક્ટ અને કાર્ય વિશે પોતાના વિચારો રજૂ કરીને ખુબ જ સારો પ્રતિભાવ આપ્યો હતો. ઉપસ્થિત બધા જ ડોક્ટરોએ ઉત્સાહપૂર્વક સાથ-સહકાર આપવાની તૈયારી બતાવી, બાહેધરી આપી હતી.

બધાજ ડૉક્ટરોએ પોતાનો પરિચય આપ્યો હતો. મેડિકલ સેન્ટર માટે એક અલગ કમિટી બનાવવાની જાહેરાત **શ્રી હેમંતભાઈ સાલવીએ** કરી હતી. આ કાર્યને ટીમવર્કથી જ સફળતા મળી રહી છે.

**શ્રી નિખીલભાઈ બેન્કરે** આ કાર્યક્રમ માટે ઘણો સાથ આપ્યો હતો. શ્રી પાટણ જૈન મંડળના સ્ટાફે પણ હાજર રહીને સેવા આપી હતી. **શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહે** સહુનો આભાર માન્યો હતો. અંતમાં બધાએ સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપ્યો હતો અને આનંદની લાગણી સાથે સહુ છૂટા પડયા હતા.




ઉપસ્થિત સમાજના ડોક્ટર્સ અને મંડળના હોદ્દેદારો

## શ્રી પાટણ જૈન મંડળ આયોજિત મેડિકલ સમિતિ દ્વારા ડૉ. મીટ્સ અહેવાલ





























# શ્રી પાટણ જૈન મંડળ આયોજિત મેડિકલ સમિતિ દ્વારા ડૉ. મીટ્સ અહેવાલ

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમો

## હાર્દિક નિમંત્રણ

**શ્રી પાટણ જૈન મંડળ આયોજિત**

**શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન**

**દિનાંક :** રવિવાર તા. ૦૩-૦૯-૨૦૨૩ • **સમય :** સવારે ૯.૩૦ કલાકે

**સ્થળ :** શ્રી પાટણ જૈન મંડળ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ, મરીનડ્રાઈ, મુંબઈ - ૪૦૦૦૨૦

**વક્તા :** પ્રો. અંકિત જે. શાહ • **વિષય :** ''દુ:ખને દુર કરવાનો સરળ ઉપાય - શ્રુતજ્ઞાન''

પર્વાધિરાજ પર્યુષણ પર્વ પૂર્વે પ્રતિવર્ષ યોજાતા પ્રવચનની જેમ આ વર્ષે પણ યોજાયેલ આયોજનમાં સમાજના સર્વે પરિવારજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાર્દિક વિનંતી છે.

❑ પ્રોગ્રામ સમિતિ

---

**શ્રી પાટણ જૈન મંડળ** પ્રોગ્રામ સમિતિ આયોજિત



## હાંડિયા રાસ

રવિવાર, તા. ૮ ઓક્ટોબર ૨૦૨૩ • NESCO Goregaon

જેની વધુ વિગતો આવતા અંકમાં જણાવવામાં આવશે

ડોનરો આવકાર્ય છે.



❑ પ્રોગ્રામ સમિતિ

---

**Shree Patan Jain Mandal**

Our upcoming programs is as below.

## PATAN INDOOR OLYMPICS GAMES 2023

Table Tennis, Badminton Carrom, Chess and Volleyball.

Block the Dates

30th September, 1st, 2nd, 7th & 8th October 2023.

Vinesh Shah : 93222 56255

More details in next Pratibimb ❑ Sports committee

---


## For PATNIS

Brain-Vita
Knowledge Shared = Knowledge²

**Online Training**

**Franchisee cost Rs. 5555/- Actual Price 9999/-**

**Personal Counselling Rs. 3600/- Actual Price Rs. 4500/-**

• Boost Your Brain Power • Inborn Talent • Hidden Potential
• Career Selections • 8 Types of intelligence • Learning Abilities

**Work from Home /Office**

• Be Your Own Boss • Unlimited Earning Potential • No Setup Cost

**WHO CAN DO IT?**


House Wifes • Tution Teachers • Career Consultant • Professionals

**Counsellor Mentor Trainer Dr. Bijal Viral Dalal**

www.Brain-Vita.com

S-5 Sej Plaza, Marve Road, Malad (W), Mumbai - 400064 • +91-9987627776 • +91-9870001868

ADVT


Project
Under Consideration
Saurabh Medical Health Care

| No. | Details / Donors Name | Cost Amt. |
|---|---|---|
| 1) | Smt. Arunaben Babulal Shah | 5.25 Cr |
| 2) | Smt. Pannaben Kapoorchand Sonawala | 4.00 Cr |
| | MAIN DONOR OF PROJECT | |
| 3) | Late Shri Champaklal Manilal Jhaveri<br>Late Smt. Vasantben Champaklal Jhaveri<br>Haste: Shri Bhupendrabhai Champaklal Jhaveri.<br>Shri Dhananjaybhai Champaklal Jhaveri | 2.50 cr. |
| | CARDIOLOGY DEPARTMENT | |
| 4) | Smt. Bhagvatiben Vinodchandra Shah | 1.50 Cr |
| | PATHOLOGY | |
| 5) | Smt. Geminiben Hemantbhai Kantilal Salvi | 1.25 Cr |
| | SONOGRAPHY DEPARTMENT | |
| 6) | Shri Shantilal Nagindas Shah (Shubh Trust) | 1.25 Cr |
| | DIALYSIS CENTRE | |
| 7) | Smt. Neelaben Ashokbhai Popatlal Shah | 50 Lc |
| | SADHU BHAGWANT ROOM | |
| 8) | Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah | 50 Lc |
| | SADHVIJI BHAGWANT ROOM | |
| 9) | Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri | 50 Lc |
| | MEMMOGRAPHY | |
| 10) | એક પુણ્યશાળી દાતા પરિવાર | 50 Lc |
| | GENERAL CONSULTING | |
| 11) | Shri Shirishbhai Mafatlal Jhaveri<br>Haste: Smt. Vilashben Shirishbhai Jhaveri Parivar | 25 Lc |
| | WAITING AREA | |
| 12) | Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon) | 25 Lc |
| | RECEPTION ROOM | |

## We Welcome Donors for the following Department

| | | | |
|---|---|---|---|
| 13. | X-ray | ......... | 1.25 Cr |
| 14. | Physiotherapy | ......... | 1.25 Cr |
| 15. | General Surgery | ......... | 1.25 Cr |
| 16. | Dental | ......... | 1.00 Cr |
| 17. | ENT | ......... | 1.00 Cr |
| 18. | Ophthalmology | ......... | 1.00 Cr |
| 19. | Pediatric | ......... | 1.00 Cr |
| 20. | Dermatology | ......... | 0.50 Cr |
| 21. | Homeopathy | ......... | 0.50 Cr |
| 22. | Internal Medicine | ......... | 0.50 Cr |
| 23. | Orthopedic | ......... | 0.50 Cr |
| 24. | Ayurvedic | ......... | 0.50 Cr |
| 25. | Diabetic | ......... | 0.50 Cr |
| 26. | Gynecology | ......... | 0.50 Cr |
| 27. | Conference Room | ......... | 0.25 Cr |

**TRADE FAIR 5**

# SHREE PATAN JAIN MANDAL

## Proudly Announces

### 5th TRADE FAIR & EXHIBITION

**1st October 2023, Sunday, 10.00 am to 6.00 pm**

**Venue: Hotel Tulip Star (Juhu)**

**Young Entrepenurs** નો ઉત્સાહ મંદ ન પડે અને તેઓના વ્યાપારને વધારેમાં વધારે મદદ-ઉત્તેજન મળે તેમ જ આવનાર નવરાત્રી, દિવાળી અને લગ્ન સીઝનનો પણ લાભ મળે એ હેતુસર **Fifth Trade Fair**નું સહર્ષ આયોજન કરેલ છે. જેમાં ૧૫૦ સ્ટોલોનું આયોજન કરેલ છે.

આ વખતે ધંધા માટેની ધગશને વ્યવસ્થિત રીતે રજૂ કરવા મોટા પાયાનું આયોજન એક **BIG TASK** બની રહેશે.

સમિતિના કાર્યકર્તા અને સમાજના વ્યવસાયિકોના મનોબળ વધારવા ઉદારદિલ દાતાઓએ પોતાનો યશસ્વી ફાળો આપી આયોજક ટીમનો ઉત્સાહ બમણો કરી દીધેલ છે.

**તો ચાલો આપણા સમાજને સમૃદ્ધ કરવા ટ્રેડફેરને સફળ કરીએ.**

### ATTRACTIONS OF 5th TRADE FAIR

1. Hotel Tulip Star (Juhu)
2. Grand AC Banquet and Super AC Dome.
3. Nearby Vile Parle (West).
4. Space for parking with valet service.
5. Free Tea, Coffee, biscuits & mineral Bottle served.

### FORMS COLLECTION & SUBMISSION CENTER

| | | |
|---|---|---|
| **MARIN DRIVE** | : | PJM, HO, 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai 400020, Phone: 22811346 |
| **GOREGAON** | : | PJM, Goregaon, Roopam, 152 Jawahar Nagar, Goregaon West Mumbai 400062, Phone: 9152998865 |
| **BORIVALI** | : | PJM, Borivali, 23/1, Ratan nagar, D. N Dube Marg, Borivali East, Mumbai 400068, Phone: 28911308 |
| **BHAYANDER** | : | Sidharth Co.op. Hsg. Society, Shivsena Gally Bhayander (W), Thane 401101, Tel: |
| **VILE PARLE** | : | Janakbhai Arvindkumar Shah, 202, 2nd Floor, Siddhachal Building, Next to Cosmos Bank, Hanuman Road, Vile Parle (E), Mumbai-400057 Mo. 9820064668 |

**આપ ઓન લાઈન રજીસ્ટ્રેશન કરી શકો છો : Link https://bit.ly/pjmtradefair2023**

## STRONG PILLARS OF TRADE FAIR & DANDIA RAAS

1 Smt. Bhagwatiben Vinodchandra Shah (Matliwala) (Kanasano Pado)
2 Shri Hemantbhai Kantilal Shah (Salvi) (Salvi Wado)
3 Shri Sandeepbhai Kirtilal Shah (Somira Diamonds) (Kesusethno Pado)
4 Smt. Sudhaben Dineshbhai Shah (Pole ni Sheri)
5 Dr. Jashwantlal Manilal Shah (Bhabhano Pado)

### ❑ Ecominomic Upliftment Committee

**Shri Janakbhai Arvindkumar Shah (1st Vice President)**

**Secretaries :**

**Shri Sanjaybhai Sudhirbhai Shah**
**Shri Nikhilbhai Mahendrabhai Banker**
**Shri Sandipbhai Pramodbhai Shah (Teliyawala)**

# SHREE PATAN JAIN MANDAL

77, PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI-400020. No. .................

## Application form for TRADE FAIR CUM EXHIBITION

**Sunday, 1st October 2023**

**Venue : Hotel Tulip Star (Juhu) • 10 am to 6 pm**

Photo

1. Full Name ______________________________
2. Mohallo ______________________________
3. Residential Address ______________________________
4. Contact Number ______________________________
5. Email ______________________________

6. Participated in PJM Trade Fair @ Vile Parle? Yes\No 7. Participated in @ sahara star? Yes\No

8. Sales generated from previous Trade Fair ______________________________

9. Category of product\service ______________________________

10. Details about product\service ______________________________

______________________________

**Stall Category (Width X Depth in Meters)**

| | | | |
|---|---|---|---|
| * 2m x 2m (5,000/-) | ☐ | * 3m x 3m (15,000/-) | ☐ |
| * 3m x 2m (10,000/-) | ☐ | * 5m x 3m (30,000/-) | ☐ |

**NOTE:-**

1. Stall Owners need to be of Patan Origin.
2. Forms need to be Submitted with stall rent at any of the office addresses before **20th August 2023.**
3. Submission of the form and stall rent does not confirm your booking.
4. Food item / Product Service details - Provide complete list and details of your food items - **Compulsory Jain Food / Products only**
   a. The same needs to be approved in advance by PJM Committee. Without which they will not be allowed in the premises.
   b. No live food counters are allowed.
   c. You can bring oven to heat food items.
   d. All food items need to packed \ wrapped.
   e. All approvals and final allotments will be at PJM Committees discretion.

(Name: ______________________________Signature ____________________)

------------------------------------------------------------

**For PJM Office Use Only**

No. ..................

Category______________________StallNo____________________ApprovedBy__________________

------------------------------CUT HERE------------------------------

Below needs to be given to participant while submitting the form. Please note this receipt does not confirm your booking

Received a Sum of ______________________________from ______________________________

by(SignbyPJMComm.Mem.)________________________on(date)__________________________

# અભિનંદન



શ્રીમતી રીમાબેન નીકેશભાઈ શાહના (લખિયારવાડો,અંધેરી) સુપુત્ર **આરવ શાહે** FIRST ROBOTTES COMPETITION, 2023 માં Indian Robotics ટીમને એઝ અ કેપ્ટન લીડ કર્યું હતું અને ગૌરવની વાત એ છે કે Regional Competition, Istanbul માં બે એવોર્ડ જીતી ટીમે World Championshipમાં પ્રવેશ કર્યો હતો. Houstonમાં યોજાયેલ આ FRC Global Championship માં ૩૩૦ જેટલી ટીમ અને ૧૮,૦૦૦ જેટલા હાઈસ્કુલ લેવલના છોકરાઓએ ઓલ ઓવર વર્લ્ડથી પાર્ટ લીધો હતો. તેમાં **આરવ** અને તેની ટીમે ઈન્ડિયાને represent કરી Gracious Professionalism Award જીત્યો હતો. તે ઉપરાંત **આરવે** ૧૦માં ધોરણમાં ૯૩ ટકા (IGCSC-2023) મેળવ્યા છે. તે બદલ હાર્દિક અભિનંદન.



**શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી**

(મનમોહનજીની શેરી)ની **કું. મે. જે.પી. પ્રોડક્ટ્સ પ્રા.લિ.** ને તાજેતરમાં **CAIT** સંસ્થા (જેના ભારતભરમાં એક લાખ વીસ હજાર એસોશિયેશન સભ્ય છે.) મારફત **ઉદ્યમ રત્ન** એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવેલ છે તે બદલ અભિનંદન. તેઓશ્રીની વ્યાપારી પેઢી વધુમાં વધુ પ્રગતિના શિખરો સર કરે તેવી શુભેચ્છા.






**ડૉ. બિજલબેન વિરલભાઈ અજીતભાઈ દલાલ**

(ડંક મહેતાનો પાડો)

Doctorate in Educational Specialisation in Dermatoglyphics Based Training & Consultation

**ચિ. સાક્ષી ભાવેશભાઈ સુધીરભાઈ શાહ**

(કનાસાનો પાડો)

Won 2 Gold Medals in state level in Akola




**Ajit Jayantilal Shah** B.Com. LLB. Diem

(Limdino Pado)

Export - Import - Training

I am glad to inform you that, I have launched my 19th Book "Compilation of Frequently Asked Questions - Your Quick Guide" on 8-2-2023 at CTL + BHP, 2023 which was organized by EXIM INDIA, which is written by me.

It is on Export, Import and Logistics Subject.



## શ્રી પાટણ પાંજરાપોળ "પુણ્યાનુબંધી પુણ્ય કમાવવાનો અમૂલ્ય અવસર"

**શ્રી પાટણ પાંજરાપોળ** બીમાર અને અબોલ પશુઓની સારવાર માટે **ખલીપુર પાંજરાપોળ** ખાતે **ICU** માં આધુનિક સગવડ કરી રહી છે. હાલમાં લગભગ ૧૫૦૦ થી વધારે પશુઓને નિયમીત રીતે લીલુ તથા સુકુ ઘાસ આપવામાં આવે છે.

હાલમાં વરસાદની અનિયમિતતાને કારણે ઘાસના સ્ટોરેજમાં વધારો કરવામાં આવ્યો છે. આ ઘાસના વધારાના સ્ટોરેજથી સસ્તાભાવે ઘાસ ખરીદીને સ્ટોક કરવામાં આવશે.

**ઘાસના ગોડાઉનના નામકરણ માટે ૩૧ લાખ • આ ઉપરાંત ICU માં ઘણા ઓછા આદેશ આપવાના બાકી છે.**

OPT-1 પ્રદીપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) ★ Dispensary પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)

OPT-2 શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ, શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ (અબજી મહેતાનો પાડો)

ICU-1 શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (ખેતરવસી) ★

ICU-2 શ્રીમતી શારદાબેન રસિકલાલ શાહ (નગરશેઠ) હ. નીરૂપમાબેન કીરીટભાઈ શાહ (નગરશેઠ) ★ ICU-3 બાકી

મુંગા પશુઓને શાતા આપવાથી સમાધિમરણની પ્રાપ્તી થાય છે, પુણ્યાનુબંધી પુણ્ય બાંધવાનો અમુલ્ય અવસર છે.

**સંપર્ક:- શ્રી દિપકભાઈ શાહ મો 9820522936 • શ્રી નિખીલભાઈ મો 9322227643**

ADVT

---

જૂન - ૨૦૨૩, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

### શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન: (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઇ કાર્યાલય:- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઇ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઇ: શ્રી નિખીલભાઇ રવિન્દ્રભાઇ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઇ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| શ્રી રાજેન્દ્રભાઈ ગભરુચંદ વાડીલાલ શાહ (ઝવેરીવાડો) | ૧,૦૧,૦૦૦ |
| હ. શ્રીમતી માલતીબેન રાજેન્દ્રભાઈ શાહ | |
| સ્વ. શ્રી દિનેશભાઈ પોપટલાલ શાહ, | ૧,૦૦,૦૦૦ |
| હ. શ્રી નિરંજનાબેન (કનાસાનો પાડો) | |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (એલીસબ્રીજ, અમદાવાદ) | ૮૪,૦૦૦ |
| મે. ચંદન સ્ટીલ લિમીટેડ (સુખસાગર, ચોપાટી) | ૭૦,૦૦૦ |
| મે.સિદ્ધરાજ જ્વેલર્સ પાટણ, હ. શ્રી ભાર્ગવકુમાર વીરચંદદાસ ચોક્સી | ૫૧,૦૦૦ |
| સ્વ. શ્રીમતી પ્રેમીલાબેન અશોકભાઈ શાહ | ૪૧,૦૦૦ |
| હ. શ્રી કેતનભાઈ (અજીતનાથની પોળ, ઘાટકોપર) | |
| M/s. C.J. Shah & Co. | ૩૭,૦૦૦ |
| M/s. A.V. Chemical (Borivali) | ૩૧,૦૦૦ |
| શ્રી ચંદ્રકાંત પ્રાણલાલ શાહ (મુંબઈ) | ૨૭,૦૦૦ |
| શ્રી નલીનીબેન ચંદ્રકાંત શાહ (મુંબઈ) | ૨૭,૦૦૦ |
| શ્રી મંગલ પારેખ જૈન શ્વે. મુ. સંઘ અને | ૨૫,૦૦૦ |
| શ્રી પદમાવતી જીવદયા મિત્રમંડળ (શાહીબાગ, અમદાવાદ) | |
| શ્રી હીરાચંદ અભેચંદ ઝવેરી (અંધેરી) | ૨૫,૦૦૦ |
| શ્રી પ્રવિણચંદ્ર મણિલાલ શાહ (નિશાળનો પાડો, મરીનડ્રાઈવ) | ૨૫,૦૦૦ |
| શ્રી અન્વીબેન હિતેનભાઈ શાહ (વખતજીની શેરી) | ૨૫,૦૦૦ |
| શ્રી મુહરી પાર્શ્વનાથ શ્વે. મુ. જૈન સંઘ (ટીંટોઈ, જી. સાબરકાંઠા) | ૨૩,૪૦૦ |
| શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ (લીંબડીનો પાડો, પાર્લા) | ૨૧,૦૦૦ |
| શાહ બાબુલાલ મણિલાલ કડીવાલા ચે. ટ્રસ્ટ (નારણપુરા, અમદાવાદ) | ૧૨,૦૦૦ |
| શ્રી વિનોદભાઈ કેશરીચંદ શાહ (મદ્રાસ) | ૧૧,૦૦૦ |
| શ્રી મીતેનભાઈ રસિકલાલ પત્રાવાલા HUF | ૧૧,૦૦૦ |
| શ્રીમતી મુક્તાબેન વિનોદભાઈ ઝવેરી કાઠીવાલા, | ૧૧,૦૦૦ |
| હ. શ્રી દિપકભાઈ, નિતિનભાઈ (અમદાવાદ) | |
| શ્રીમતી વૈશાલીબેન નિલેશભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| (પ.પૂ. સાધ્વીજી શાસ્ત્રરુચી મા.સા. દિક્ષા દિવસ નિમિત્તે) | |
| શ્રી મનોજભાઈ બળવંતરાય ભટ્ટ (સાલવી વાડો, માટુંગા) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી મોનીતાબેન દિપેનભાઈ ઝવેરી (પાર્લા) | ૧૧,૦૦૦ |
| M/s. Pack Print Ind. LLP (અબજી મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી કલ્પાનાબેન નિરંજનભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી બીનાબેન પ્રણયભાઈ શાહ (ડંકમહેતાનો પાડો, બોરીવલી) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી પલ્લવીબેન અમીતભાઈ શાહ (પોળની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી નિરંજનભાઈ જે. પરીખ (અંધેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી ઉદયનભાઈ કોઠારી | ૧૧,૦૦૦ |
| શ્રીમતી સુષ્માબેન પરીખ (પાર્લા) | ૧૦,૫૦૦ |
| સ્વ. પ્રવિણભાઈ નવીનચંદ્ર શાહના આત્મશ્રેયાર્થે,(મલ્લાતનો પાડો) | ૧૦,૦૦૦ |
| સ્વ. પ્રવિણભાઈ નવીનચંદ્ર શાહના આત્મશ્રેયાર્થે હ. પરેશાબેન | ૧૦,૦૦૦ |
| શ્રી અરિહંત ટ્રસ્ટ (કોલાબા) | ૧૦,૦૦૦ |
| શ્રી નિરવભાઈ નરેન્દ્રભાઈ શાહ | ૧૦,૦૦૦ |
| મે. સફલ ફાઉન્ડેશન | ૧૦,૦૦૦ |
| શ્રી દિપકભાઈ મનહરલાલ શાહ (પાટણ) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

# સંસ્થા સમાચાર

**તંબોલી વાડાના ભાઈ-બહેનોનો પાટણ ખાતે તા. ૨૬ થી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૩ દરમ્યાન ''પંચાન્હીકા મહોત્સવ'' ઉજવવાનું નક્કી થયેલ છે. મહોલ્લાના સર્વે ભાઈ-બહેનોને પધારવા વિનંતી છે.**

*વધુ વિગત માટે સંપર્ક :-*

| | | | |
|---|---|---|---|
| શ્રી હર્ષદભાઈ સેવંતીલાલ શાહ | મો. 9820933393 | શ્રી અરવિંદભાઈ કાંતિલાલ ઝવેરી | મો. 9821578888 |
| શ્રી પ્રતિકભાઈ ચીનુભાઈ શાહ | મો. 9820516089 | શ્રી અમીતભાઈ ભુપેન્દ્રભાઈ શાહ | મો. 9867799911 |
| શ્રી હરનીશભાઈ ફતેહચંદ શાહ | મો. 9428020536 | શ્રી ભરતભાઈ સારાભાઈ શાહ | મો. 9820048776 |

મહોત્સવમાં આવનાર ભાઈ-બહેનોની યોગ્ય વ્યવસ્થા જળવાય માટે અગાઉથી જાણ કરવા વિનંતી.

મહોત્સવની સંપૂર્ણ વિગતો નક્કી થયે પછીથી દરેક ભાઈ-બહેનોને મોકલી આપવામાં આવશે.

**શ્રી અંધેરી પાટણ મિત્ર મંડળ** દ્વારા તા. ૧૮-૦૬-૨૦૨૩ના રવિવારે આજીવાસન હોલ, સાંતાક્રુઝ ખાતે એક **મ્યુઝિકલ ઈવેન્ટ દ્વારા ઓરકેસ્ટ્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.** જેમાં લગભગ ૨૨૫ જેટલા પટ્ટણીઓએ હાજર રહી પ્રોગ્રામને માણ્યો હતો. સાથે લક્કી ડ્રોનું પણ આયોજન હતું જેમાં ખુબ આકર્ષક ઈનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ સાથે સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણીને લોકો ફરી મળતા રહેશું કહીને છૂટા પડ્યા હતા.

AAROGYA 365 Presents... Fever Profile
Prevention is always a better option than cure
Get your Preventive Fever Profile done today!
Fever Profile (Mini)
ALT (SGPT)
Erythrocyte Sedimentetion (ESR)
Heamogram (CBC)
Malaria Parasite (MP)
Urine Routine Examination (UR)
Widal (Slide/Tube) Method
~~610~~ 499
Fever Profile (Maxi)
ALT (SGPT)
C-Reactive Protein (CRP)
Dengue NS-1
Erythrocyte Sedimentetion (ESR)
Heamogram (CBC)
LDH (Lactate Dehydrogenase)
Malaria Parasite (MP)
Urine Routine Examination (UR)
Widal (Slide/Tube) Method
~~2380~~ 1499
9031 247 365
ONLINE BOOKING
Website : www.aarogya247365.com
ADVT




## વસ્તી પત્રક પ્રકાશન-૨૦૨૩માં છપાયેલ જાહેર ખબરનો સુધારો

SPNP
PAPER & PACK PVT. LTD
MFG. OF CORRUGATED BOXES, ROLLS & SHEETS & OFFSET PRINTING
Importers of :
Thai (ISO Certified) Board & Kappa Board
Exporters, Stockists & Distributors of :
Indian Stiff Mill Board (Kiran, Golden & Sun Board )
Kappa Board : (Smart, Hi Tech, Zeus & Tusk Brand)
White / Grey Board, PE Coated Board,
Cake Base & Colured Boards)
FBB/Kraft & FBB Kappa Board
Dhiren Shah 9821139929
Manish Shah 9321113228
Priyank Shah 9969508795
Harshil Shah 9769928732
Office : 503, Madhu Industrial Park, Avadh Narayan Tiwari Marg, Off.Old Nagardas Cross Road, Andheri - (East), Mumbai - 400 069.
Fact : Gr. Floor, Survey No. 425/1/2/3/3, Plot No. 136, Daman Ganga, Industrial Park- II, Vapi Dungra Road, Dungra, VAPI, Valsad, Gujarat, 396 193.
Off. : 9769928732 / 9321113228 Email : spnppaperandpackvapi@gmail.com
Website : www.spnppapernpack.com

# પાટણ જૈન ભોજનશાળા

માદરે વતન આપણા પાટણની જૈન ભોજનશાળા આજે આપણા સમાજનું ગૌરવ છે, જે વર્ષોથી અવિરત સેવા આપી રહેલ છે, તેનું નામ મોટું કરવામાં આજના ટ્રસ્ટીઓનો અમુલ્ય ફાળો છે. સેવાભાવી શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ, શ્રી ભરતભાઈ ચિમનલાલ શાહ, શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ વગેરે ટ્રસ્ટીઓનો અમૂલ્ય ફાળો છે. જેઓ પર્સનલી ધ્યાન રાખે છે. ભોજનશાળા માટે અવાર-નવાર પાટણ પણ જાય છે. એમને આજે ભોજનશાળાને ચાર-ચાંદ લગાવી દિધા છે. અત્યારે ઘણા બધા સુધારા ભોજનશાળામાં લાવ્યા છે. ભોજન શુદ્ધ, સાત્વિક તથા સ્વાદિષ્ટ હોય છે. હાયજેનિક રસોઈ હોય છે. શાંત વાતાવરણમાં ઘોંઘાટ વગર શાંતિથી માણસ જમી શકે તેવી વ્યવસ્થા કરી છે. દર મહિને મીઠાઈ સાથેનું ભોજન આપે છે. દરરોજ નિત નવી આઈટમો આપવામાં આવે છે. એકવાર જેઓ જમીને જાય છે તેઓ બીજીવાર ચોક્કસથી ત્યાં જાય છે.

સ્થાનિક રહેવાસીઓ - યાત્રાળુ સંઘો અને મુંબઈમાં રહેતા પટણીઓએ ભોજનશાળાનો લાભ લીધો છે, તેઓએ ભરપુર પ્રસંશા કરી છે. યાત્રાળુ સંઘો ભોજનશાળાની સુંદર વ્યવસ્થાથી ખુશ થઈ અને હજારો રૂપિયા ભોજનશાળામાં લખાવીને જાય છે. યાત્રાળુ તથા સંઘોને ત્રણ દિવસ નવકારશી કોઈપણ ચાર્જ લીધા વગર કરાવવામાં આવે છે. જરૂરિયાતમંદ સ્થાનિક ૨૦ માણસને ફ્રીમાં જમાડવામાં આવે છે.

નવકારશીમાં સુંદર મજાનો નાસ્તા કરાવવા આવે છે આનાથી બીજુ વધારે શું જોઈએ ! આ ભોજનશાળાનો બધાએ લાભ લેવા જેવો છે તેમજ તમારા સગા-સબંધીઓ, મિત્રો, પરિવારો કે મંડળો જ્યારે પણ પાટણ મુલાકાતે જાય ત્યારે અવશ્ય આ ભોજન શાળામાં જવું જોઈએ. એકવાર આ ભજનશાળામાં જશો તો કાયમી યાદગીરી લઈને જશો.

આ ભગીરથ કાર્ય માટે ટ્રસ્ટીઓ તન-મન-ધનથી પરિશ્રમ કરે છે અને ધ્યાન આપે છે. પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો સારી સંખ્યામાં પાટણમાં આવતા જતાં સ્થિરવાસ કરતા હોય છે, જ્ઞાન માટે ત્યાં રોકાતા હોય છે. તેમની ગોચરી પાણીનો લાભ આ ભોજન શાળામાં મળે છે અને તેમની સંપૂર્ણ સગવડતા સચવાય છે. ભોજનશાનો સ્ટાફ વિનયી અને વિવેકી છે, હસતા મુખે યાત્રાળુઓને ભોજન કરાવે છે.



ટ્રસ્ટીઓનું કહેવું છે કે અગર કોઈને ભોજનશાળામાં કોઈપણ જાતની ખામી કે દોષ દેખાતા હોય તો અમને જણાવે જેથી અમે તેમા યોગ્ય ફેરફાર કરી શકીએ. અન્નદાન એ મહાન દાન છે આવો આપણે સૌ સાથે મળીને આ ભોજન શાળામાં દાન આપીએ. નાનામાં નાનું દાન ફુલ નહીં તો ફુલી પાંખડી આપીને ભોજન શાળાને પરીપૂર્ણ કરીએ.

❑ **જયરાજ માટલીવાલા**
(કનાસાનો પાડો)


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ** સંચાલિત

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

**ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩**

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

**વાર્ષિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**
**મેળવો ત્રણ ત્રણ લાભ**

- સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન
- સાધર્મિક ભક્તિ
- મુમુક્ષુ ભક્તિનો લાભ

**તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.**

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ - મો. ૯૮૨૧૦૩૫૦૧૧**

**સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**

ADVT

## શંખ શ્રાવકની ધર્મભાવના

શ્રાવસ્તીમાં તેજના અંબાર રેલાઈ રહ્યા. શ્રાવસ્તીમાં આજે ભગવાન મહાવીર શિષ્યસમુદાય સહિત પધાર્યા. ચોમેર આનદનો મહાસાગર ધૂધવી ઉઠ્યો. સારોય માનવમહેરામણ પ્રભુને વંદનાર્થે ઉદ્યાનમાં ઉમટ્યો. ભગવાનની દિવ્યવાણી સૌએ સાંભળી. એ પવિત્ર, મંજૂલ-વાણીમાં આત્મશ્રેયની સરવાણી હતી.

દેશના પૂરી થઈ. શંખ શ્રાવકે પોખ્ખલિ આદિ શ્રાવકોને કહ્યું, 'સાધર્મિક બંધુઓ ! આપણે સૌ આજે સમૂહભોજન કરીએ ધર્મકથા કરીએ. સાથે જ પ્રતિક્રમણ ને સ્વાધ્યાય કરીએ'

સૌએ હર્ષથી હામી ભણી. સમૂહ ભોજનની વ્યવસ્થા ગોઠાઈ. જમવાનો સમય થયો ને સૌ આવ્યા, કિંતુ શંખ શ્રાવક ન દેખાયા. પોખ્ખલિ શ્રાવકે સૌને કહ્યં કે, 'તમે સૌ થોડીક રાહ જુઓ. હું હમણા શંખ શ્રાવકને લઈને આવું છું.'

શંખ શ્રાવક સૌ સાધર્મિકજનોથી છૂટા પડીને પોતાની હવેલીએ પહોંચ્યા. એમના ચિત્તમાં ભક્તિની સરિતા રમણે ચઢી હતી. પ્રભુના દર્શ ને પ્રભુની વાણી ચક્ષુ-સન્મુખ દ્રષ્યો રચતા હતા. એમને વધુને વધુ ધર્મ કરવાના ભાવ થતાં હતાં. પત્ની ઉત્પલાને શંખ શ્રાવકે કહ્યુંઃ 'ભંતે, આજે ચતુર્દશી છે મને પૌષધ કરવાની ભાવના થાય છે.'

'સરસ, જેવી આપની ભાવના.' ઉત્પલાએ કહ્યું.

શંખ શ્રાવક પૌષધાલયમાં ગયા. પૌષધવ્ર લીધું. એ સમયે પોખ્ખલિ શંખની હવેલીએ પહોંચ્યા. ઉત્પલાએ વિનયથી આવકાર્યાઃ 'પધારો, કહો, શી સેવા કરું ?' પોખ્ખલિએ બધી વાત કરી. ઉત્પલા તરત પૌષધાલયમાં ગઈ, શંખ શ્રાવકને તેણે કહ્યુંઃ 'અરે ! તમે તો પૌષધ લઈને બેસી ગયા ને સૌને તો ભોજન માટે નિમંત્ર્યા છે. સૌ તમારી રાહ જુએ છે. પોખ્ખલિભાઈ તમને તેડવા આવ્યા છે. ચાલો.'

શંખે કહ્યુંઃ 'મેં પૌષધ લીધો છે, હવે ક્યાંય ન જવાય.' પોખ્ખલિ શ્રાવક પાછા વળ્યા. સૌએ સમૂહભોજન કર્યું પણ આ વાત કોઈને ગમી નહીં.

સવાર થઈ, પૌષધ પાર્યો. તેણે પ્રભુના દર્શન કરીને પારણું કરવું તેમ વિચારીને સમોવસરણમાં પહોંચ્યો. તે સમયે પોખ્ખલિ અને બીજા શ્રાવકો ત્યાં આવ્યા. શંખને જોઈને તેની નજીક સર્યા ને મશ્કરી કરીઃ

'વાહ રે શંખજી ! વાહ ! અમારી સાથે આવી મજાક કરી ? અમને કહ્યું હોત તો અમે ય પૌષધ ન કરતા ? પરંતુ અમને છેતરીને ધર્મ ન કરાય !'

શંખ શાંત રહ્યો. ભગવાન મહાવીરે સૌને કહ્યુંઃ 'ભાઈઓ ! તમે શાંત બનો. શંખની ધર્મભક્તિની અવહેલના ન કરો. એના મનમાં ક્યાંય કોઈને છેતરવાની વાત નહોતી અને દર વખતે, આવી વાતમાં, છેતરવાની જ વાત હોય તેવું નથી હોતું. શંખ શ્રદ્ધાળુ છે તે ધર્મપ્રિય છે માટે તેને માટે આમ વિચારશો નહીં.' પ્રભુની વાણીનું સત્ય સૌને સ્પર્શી ગયું.

શ્રી ગૌતમસ્વામીએ ભગવાનને શંખશ્રાવક માટે પૂછ્યું ત્યારે ભગવાને કહ્યું કે, 'આ જીવનમાં આદર્શ શ્રાવક ધર્મું અનુસરણ કરશે અને ક્રમે ક્રમે ઉચ્ચતમ વિકાસ કરીને અહીં ઉત્સર્પિણી કાળમાં દેવશ્રુત નામે છઠ્ઠા તીર્થંકર થઈને મોક્ષમાં જશે.'

❑ **આચાર્ય વાત્સલ્યદીપજી મ.સા.**

## શ્રી પાટણ જૈન મંડળ દ્વારા
## મેડિક્લેઈમ પોલીસી અંગે અગત્યની સૂચના

### SBI આરોગ્ય તથા SBI ગ્રુપ ફેમીલી પોલીસી રીન્યુ કરવા બાબત

**૧. ગ્રુપ પોલીસી :-**

ગયા વર્ષે મંડળમાંથી સહાય લેનાર સમાજની વ્યક્તિઓએ ગ્રુપ પોલીસી લીધી હતી તેઓની પોલીસી ચાલુ વર્ષમાં રીન્યુ કરવાની હોવાથી, ગયા વર્ષે જેઓની પોલીસી છે તેઓ પોતાનું પુરુ નામ, ફેમીલી આઈ ડી નંબર, રહેઠાણનું સરનામું, પાટણનો મહોલ્લો, મોબાઈલ નંબર વિગેરે વિગતો લખીને તેમના છેલ્લા ત્રણ મહિનાના ઈલેક્ટ્રીક બિલ સાથે મંડળના મુખ્ય કાર્યાલયમાં **તા. ૧૦ ઓગસ્ટ ૨૦૨૩** પહેલા મોકલી આપવા જરૂરી છે.

**૨. ગ્રુપ પોલીસીમાં નવા સભ્યોએ જોડાવવા માટે :-**

જે વ્યક્તિઓ મંડળમાંથી સહાય લે છે અને તેઓએ ગયા વર્ષે મેડિક્લેઈમ પોલીસી લીધી નથી તેઓએ જો મંડળની આ ગ્રુપ પોલીસીમાં જોડાવવાની ઈચ્છા હોય તો તેમણે તેમના આધાર કાર્ડની ઝેરોક્ષ (અટેસ્ટેટ) સાથે છેલ્લા ત્રણ મહિનાના ઈલેક્ટ્રીક બિલની ઝેરોક્ષ **તા. ૧૦ ઓગસ્ટ ૨૦૨૩** પહેલા મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલી આપવા જરૂરી છે. જેથી ઈન્સ્યુરન્સ કંપની સાથે વાતચીત કરી તેમના નામ ઉમેરાવવાની કોશિષ કરીશું.

❑ **મેડિકલ સમિતિ**

# પાટણના જગવિખ્યાત જ્ઞાનભંડારો

પાટણના લગભગ વીસ જેટલા હસ્તપ્રતભંડારો કે જ્ઞાનભંડારોનો એક રસપ્રદ ઈતિહાસ છે. આ ભંડારોમાં પ્રાકૃત, સંસ્કૃત, જૂની ગુજરાતી, હિન્દી, મરાઠી વગેરે બાષાઓમાં રચાયેલા લગભગ બધા જ વિષયોના ગ્રંથો સચવાયા છે. જેમાં જૈન, જૈનેતર રચનાઓનો સમાવેશ થાય છે. આને લીધે પાટણના ભંડારો દેશ-વિદેશના વિદ્વાનોના આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. અનેકાનેક મહાન ભારતીય ગ્રંથોની દુષ્પ્રાપ્ય અને કિંમતી પ્રાચીન પ્રતો આ જ્ઞાનભંડારોમાંથી મળી આવી છે. આજે, પાટણના બે સિવાયના બધા જ ભંડારોની તાડપત્ર પરની તેમજ કાગળ પરની હસ્તપ્રતોનો સંગ્રહ એકત્રિત થઈને પાટણના જૈન સંઘના તાબાના શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાં સચવાઈ રહ્યો છે. આશરે વીશ હજાર પ્રતો કાગળ પર લખાયેલી છે. જ્યારે અનેક પ્રાચીન પ્રતો તાડપત્ર પર લખાયેલી છે. આ બધી હસ્તપ્રતોનું કાળજીપૂર્વક રક્ષણ કરવાની અત્યંત સુંદર વ્યવસ્થા હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનભંડારમાં કરવામાં આવી છે. શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાં આજે પાટણના લગભગ બધા જ હસ્તલિખિત ગ્રંથો સંગ્રહાયેલા છે. આ જ્ઞાનમંદિરની સ્થાપના ૧૯૩૮-૩૯માં થઈ હતી. આપણા પ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીના હસ્તે ૭મી એપ્રીલ, ૧૯૩૯ના દિવસે એનું ઉદ્‌ઘાટન થયું હતું. પાટણના જગવિખ્યાત હસ્તપ્રતભંડારો કાયમને માટે સારી રીતે સચવાયેલા રહે અને પ્રાચ્યવિદ્યાએ તથા સાહિત્યના ક્ષેત્રે કામ કરતા વિદ્વાનો એ હસ્તપ્રતોનો સરળતાપૂર્વક લાભ લઈ શકે એ હેતુથી શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરની સ્થાપના થઈ છે. અને એ જ્ઞાનમંદિર આજે સંશોધકોને તથા ભારતીય સંસ્કૃતિ તથા સાહિત્યના અભ્યાસીઓ માટે ખરેખર આશીર્વાદરૂપ છે. પાટણના અઢાર જેટલા જ્ઞાનભંડારોમાં સચવાયેલી અમૂલ્ય જ્ઞાનસંપત્તિમાં હજારો કાગળો પર લખેલી તથા સેંકડો તાડપત્ર પર લખેલી હસ્તપ્રતોનો સમાવેશ થાય છે. આ બધી પ્રતોની સંખ્યા વીસ હજારથીય વધારે થાય છે. આ બધી હસ્તપ્રતોની સુચિઓ તૈયાર કરવામાં આવી છે, જેને આધારે સંશોધકો કામ કરી શકે છે.

પાટણના નામાંકિત ભંડારોમાં સંઘવીના પાડાનો તાડપત્રીય પ્રતસંગ્રહ વિદ્વાનોના આકર્ષણનું ખાસ કેન્દ્ર બનેલો. આ ભંડારની મુલાકાતે પાશ્ચાત્ય વિદ્વાનો અને સંસ્થોધકો આવ્યા હતા. ગાયકવાડ રાજ્ય સરકાર તરફથી નિયુક્ત થયેલા શ્રી ચીમનલાલ ડી. દલાલે આ સંગ્રહનું વર્ણાનાત્મક સૂચિપત્ર તૈયાર કરીને દેશ-વિદેશના અનેક વિદ્વાનોની પ્રસંશા મેળવી હતી. આ ભંડારની માફક જ ફોફલિયાવાડાની વખતજીની શેરીનો ભંડાર, વાડી પાર્શ્વનાથનો ભંડાર, આગલી શેરીનો ભંડાર, ભાભાના પાડાનો ભંડાર, સાગરના ઉપાશ્રયનો ભંડાર, શ્રી મોદીનો સંગ્રહ, વસ્તા માણેકનો ભંડાર, શ્રી હિમ્મત વિજયજીનો સંગ્રહ વગેરે પાટણના અત્યંત મહત્વના ભંડારો હતા. આ બધામાંથી ખેતરવસીના પાડાના ભંડાર સિવાયના લગભગ બધા જ ભંડારો પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન ભંડારને સોંપાઈ ગયા છે.

શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર તરફથી કાગળની ચૌદ હજાર ઉપરાંત પ્રતોનું તથા તાડપત્રીય પ્રતોનું સૂચિપત્ર પ્રગટ થઈ ગયું છે. આ બધી પ્રતો જ્ઞાનમંદિરના ભવ્ય મકાનની અંદરના હવાયુક્ત ઓરડાઓમાં લોખંડના મજબૂત કબાટોની અંદર લાકડાનો સુંદર દાબડાઓ બનાવીને એમની અંદર પ્રતોને સુરક્ષિત રાખવામાં આવી છે. અહીં રાખેલી પ્રતોમાંથી મોટા ભાગની પ્રતો આજે પણ સારી સ્થિતિમાં છે. માત્ર કેટલીક કાગળની તથા તાડપત્રીય પ્રતો જીર્ણ છે જેની સાચવણી કરવાનું જવાબદારીભર્યું કામ સંસ્થાના સંચાલકો કરી રહ્યા છે. સદ્‌ગત મુનીશ્રી પુણ્ય વિજયજીના અથાક પરિશ્રમથી તૈયાર થયેલાં સૂચિપત્રો તેમ જ ઊભી થયેલી પુસ્તકાલય જેવી વ્યવસ્થાને લીધે આજે સંશોધન કરનારાઓ માટે પ્રતો જોવાનું, તુલના કરવાનું તથા સંપાદન-પ્રકાશનનું કામ અત્યંત સગવડભર્યું બન્યું છે. આને માટે શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનભંડારના સંચાલક, ટ્રસ્ટીઓ, જેમના આગેવાન પાટણના નામાંકિત તબીબ અને પ્રખર સામાજિક કાર્યકર્તા ડૉ. સેવંતીલાલ શાહ છે, તેઓ આપણા અભિનંદનના અધિકારી છે.

આ હસ્તપ્રતોમાં તાડપત્રીય તેમજ કાગળ પર લખેલી પ્રતો છે. આ પ્રતોમાં કેટલીક દુર્લભ પ્રાચીન પ્રતો છે. જેમાં પાટણસ્થિત જૂનામાં જૂની સં. ૧૩૫૬-૫૭ની સાલની પ્રતોનો સમાવેશ થાય છે. વળી કાગળની પ્રતો મળ તાડપત્રીય પ્રતોની નકલો છે અને તેમાં આશરે સં. ૧૪૮૦ - ૯૦ની સમયમર્યાદામાં તૈયાર થયેલી નકલો છે. માત્ર જૈન જ નહીં પણ બૌદ્ધ અને બ્રાહ્મણધર્મની અતિશય કિંમતી તથા વિશ્વાસપાત્ર હસ્તલિખિત પ્રતોએ આ ભંડારમાં જોવા મળે છે. કપડા પર લખાયેલી હસ્તપ્રતના બે નમૂના પણ પાટણના એક ભંડારમાં મળી આવ્યા છે. જૈનોના આગમોના પવિત્ર સાહિત્યની પ્રતોની દ્રષ્ટિએ તો આ ભંડારો અત્યંત મહત્વપૂર્ણ છે. આગમ સાહિત્યમાં ચૂર્ણિઓ, અવચૂર્ણિઓ તથા અન્ય પુષ્કળ ટીકાસાહિત્ય પણ સમાવિષ્ટ છે. જૂની ગુજરાતી ભાષાનું સાહિત્ય પણ આ ભંડારોમાં સારી રીતે સચવાયેલું પડ્યું છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં વિદ્વાનોએ જુદી જુદી ભાષાના જુદા જુદા વિષયો પર લખાયેલા ઘણા ગ્રંથો આ હસ્તપ્રતોને આધારે તૈયાર કર્યા છે ને હજી પણ પુષ્કળ કામ થઈ શકે તેમ છે.

ક્રમશઃ

## દવા સારવાર સહાય

શ્રી પાટણ જૈન મંડળની મેડિકલ સમિતિ દ્વારા ચાલુ થયેલ ડાયરેક્ટ દવા વિતરણ વ્યવસ્થાનો લાભ લેતા પરિવારજનોને ખાસ જણાવવાનું કે આપની દવા માટે પ્રીસ્ક્રીપશન ફેમીલી આઈ.ડી. તથા પુર્ણ નામ તેમજ દવાની જરૂરીયાતો ઉલ્લેખ વોટ્સએપમાં કરવો ફરજિયાત છે.

❑ મેડિકલ સમિતિ

જીવન સૌરભ
પાટણ સીનીયર સીટીઝન ફોરમ

# શ્રી પાટણ જૈન મંડળ
## જીવન સૌરભ સમિતિ આયોજિત

# સુનહરી યાદે *ગાતા રહે મેરા દિલ*

## ગીત– સંગીત રંગારંગ કાર્યક્રમ

**સમાજના ૬૦ વર્ષ કે તેથી વધુ વયના ભાઈ-બહેનોના મનોરંજન માટે દિવાળી બાદ જુના-નવા ગીતો સાથેનો એક ખાસ રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે તેમાં આપ સર્વેને સહર્ષ સહભાગી થવા વિનંતી છે.**

## રવિવાર, તા. ૦૩ ડિસેમ્બર ૨૦૨૩

**સ્થળ: બિરલા માતુશ્રી સભાગૃહ, મરીનડ્રાઈવ, મુંબઈ – ૪૦૦૦૨૦**

**સમય : સવારે ૯.૩૦ થી ૧.૦૦ કલાકે**

**કાર્યક્રમ પશ્ચાત પ્રિતી ભોજનનો અવશ્ય લાભ લેવા વિનંતી.**

**ડોનેશન પાસ વિતરણ વ્યવસ્થા અંગે ઓક્ટોબર માસના પાટણ પ્રતિબિંબમાં વિગતો જણાવવામાં આવશે.**

**કાર્યક્રમના વિશાળ ખર્ચને પહોંચી વળવા રૂા. ૩ લાખના ચાર દાતાઓ આવકાર્ય છે.**

વધુ વિગતો માટે સંપર્ક :-

- શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વિમાવાળા) ઉપપ્રમુખ મો. 9323742789
- શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ (માનદમંત્રી) મો. 9833116262
- શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ (માનદમંત્રી) મો. 9820126885
- શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ (માનદમંત્રી) મો. 9820190551
- શ્રી સુનીલભાઈ શશિકાંત ઝવેરી (સહમંત્રી) મો. 9820782820

**શ્રદ્ધાંજલિ :** શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રી પ્રવિણચંદ્ર નવીનચંદ્ર શાહ** (મલ્લાતનો પાડો)નું તા. ૧૮-૦૬-૨૦૨૩ના દિને ૭૧ વર્ષની વયે અચાનક થયેલ દુઃખદ નિધનના સમાચાર જાણી મંડળે અને સમાજે ઊંડા શોકની લાગણી અનુભવી.

મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૧૯૯૬ થી જોડાઈ સતત ૨૭ વર્ષ પર્યંત કાર્યરત રહી સંસ્થા અને સમાજ વિકાસમાં મહત્વનું યોગદાન પુરુ પાડેલ છે. વર્ષ ૨૦૦૬-૨૦૦૭ થી ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન મેડિકલ સમિતિમાં માનદમંત્રી પદે તથા વર્ષ ૨૦૧૧-૨૦૧૨ થી ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન સ્પોર્ટ્સ સમિતિના માનદમંત્રી પદે રહી રમતગમત ક્ષેત્રે પ્રવૃત્તિશિલ રહેવાની સાથોસાથ જીવન સૌરભ અને પ્રોગ્રામ સમિતિ તથા અન્ય સમિતિઓમાં સભ્ય પદે સક્રીય રહી સેવાઓ પ્રદાન કરેલ છે.

કાંદિવલી ખાતે વસવાટ કરવાની સાથોસાથ મલાડ-કાંદિવલી મિત્રમંડળમાં પણ કાર્યરત રહ્યા હતા.

સ્થાનિક કાર્યકર તરીકે અનેક પ્રવૃત્તિઓમાં સક્રિય સહયોગ આપનાર શ્રી પ્રવિણભાઈના દુઃખદ અવસાનથી સંસ્થાને એક સેવામાંથી કાર્યકર તથા શુભેચ્છક દાતાની ખોટ સાલશે. પરિવારના મોભી એવા સદ્ગતશ્રીના નિધનથી કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં મંડળના હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને સંસ્થાના કર્મચારીઓ તથા સમાજના હિતચિંતકો દ્વારા દુઃખ સાથે ઊંડી સંવેદનાની લાગણી વ્યક્ત કરવામાં આવે છે. આપના પરિવારજનોને અચાનક આવી પડેલ દુઃખ સહન કરવાની પરમાત્મા અપાર શક્તિ પ્રદાન કરે એવી પ્રાર્થના.

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૂચિત નૂતન પ્રાથમિક શાળા માટે દાનની વિજ્ઞપ્તિ




**સમાજના દાતાશ્રીઓનો અદ્‌ભુત પ્રતિસાદ**
**રૂા. ૫ કરોડના પ્રોજેક્ટ સામે લગભગ રૂા. ૩.૭૨ કરોડની દાન ઉપલબ્ધી.**

| | | |
|---|---|---|
| **શાળાના મુખ્ય દાતા શ્રી ત્રિભોવનભાઈ ડી. પટેલ** | રૂા. | ૧,૫૧,૦૦,૦૦૦/- |
| **ગત પ્રતિબિંબ અંકોમાં પ્રકાશિત થયા મુજબ** | | |
| ◆ ૧૪ ક્લાસરૂમના દાતાશ્રીઓ | રૂા. | ૯૮,૦૦,૦૦૦/- |
| ◆ કોમ્પ્યુટ રૂમ, સિદ્ધહેમ લોબી, લાયબ્રેરી, સ્ટાફરૂમ, પ્રિન્સીપલ રૂમ, સંગીત રૂમ, આર્ટ રૂમ, બાલવાટીકા, વિઝિટર્સ રૂમ, વોટર રૂમ વિગેરે વિભાગના દાતાશ્રીઓ | રૂા. | ૧,૦૭,૫૦,૦૦૦/- |
| **નવા પ્રાપ્ત દાતાશ્રીઓની યાદી** | | |
| **સિદ્ધહેમ લોબી :** ડૉ. વિક્રમભાઈ વરજીવનદાસ - હ. જયશ્રીબેન (અમેરિકા) | રૂા. | ૧૦,૦૦,૦૦૦/- |
| **કેન્ટીન :** એક શુભેચ્છક તરફથી - હ. પરેશભાઈ એચ. શાહ | રૂા. | ૫,૫૦,૦૦૦/- |
| **દાતાશ્રીઓની અનુમોદના - સહ અભિનંદન** — કુલ રકમ | રૂા. | ૩,૭૨,૦૦,૦૦૦/- |

**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો... આજેજ જોડાઓ...**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**

**૨૯ સ્કીમો માટે દાતાશ્રીઓ પ્રાપ્ત છે, બાકી રહેલી ૬ સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ◆ Science Lab | 1 | ... | 25,00,000 | ◆ Conference Room | 1 | ... | 30,00,000 |
| ◆ General Lab | 1 | ... | 25,00,000 | ◆ Multipurpose Hall | 1 | ... | 30,00,000 |
| ◆ Sidhahem Lobby | 1 | ... | 10,00,000 | ◆ Lift each | 2 | ... | 5,50,000 |

શ્રી પાટણ જૈન મંડળ : ૮૭૭૯૧૬૧૨૦૯ ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ - ૯૯૩૦૮૯૧૯૮૫
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯ ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ - ૯૩૨૩૧૮૯૯૪૧

**શ્રદ્ધાંજલિ :** શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ** (તંબોલી વાડો)નું તા. ૧૩-૦૭-૨૦૨૩ના દિને ૬૯ વર્ષની વયે અચાનક થયેલ દુઃખદ નિધનના સમાચાર જાણી મંડળે અને સમાજે ઊંડા શોકની લાગણી અનુભવી.

મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૨૦૦૦ થી જોડાઈ સતત ૨૩ વર્ષ પર્યંત કાર્યરત રહી સંસ્થા અને સમાજ વિકાસમાં મહત્વનું યોગદાન પુરુ પાડેલ છે. વર્ષ ૨૦૦૬-૨૦૦૭ થી ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન મેડિકલ સમિતિ, પ્રોગ્રામ સમિતિ તેમજ તાજેતરમાં અતિથિગૃહ સમિતિમાં માનદમંત્રી પદે રહેવાની સાથોસાથ જીવન સૌરભ અને પ્રોગ્રામ સમિતિમાં સભ્ય પદે સક્રીય રહી સેવાઓ પ્રદાન કરેલ છે.

ગોરેગામ ખાતે વસવાટ કરવાની સાથોસાથ ગોરેગામ મિત્રમંડળમાં પણ કાર્યરત રહ્યા હતા. સ્થાનિક કાર્યકર તરીકે અનેક પ્રવૃત્તિઓમાં સક્રિય સહયોગ આપનાર શ્રી વિક્રમભાઈના દુઃખદ અવસાનથી સંસ્થાને એક સેવાભાવી કાર્યકરની ખોટ સાલશે. સદ્‌ગતશ્રીના નિધનથી કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં મંડળના હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને સંસ્થાના કર્મચારીઓ તથા સમાજના હિતચિંતકો દ્વારા દુઃખ સાથે ઊંડી સંવેદનાની લાગણી વ્યક્ત કરવામાં આવે છે. આપના પરિવારજનોને અચાનક આવી પડેલ દુઃખ સહન કરવાની પરમાત્મા અપાર શક્તિ પ્રદાન કરે એવી પ્રાર્થના.

## શ્રી પાટણ જૈન મંડળ

### જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

૨. શ્રીમતી નીરૂબેન ધીરેનભાઈ શાહ અને શ્રીમતી પ્રતિમાબેન નરેનભાઈ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી -મહાદેવાજીની શેરી)

૩. શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો)

૪. શ્રી જયંતિલાલ ચુનીલાલ શાહ તથા શ્રીમતી લીલાવતીબેન જયંતિલાલ શાહ (ઝભલાવાળા)
હ. શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી - મહાદેવાજીની શેરી)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાલા પરિવાર (કનાસાનો પાડો)

૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)

૩. શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ પરિવાર (વખતજીની શેરી)

૪. શ્રીમતી નીલાબેન અશોકભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)

૫. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ અને શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)

### શિખરજી યાત્રા પ્રવાસ

**રૂા. ૧૦ લાખના સમેતશિખર યાત્રા પ્રવાસના સૌજન્ય દાતાઓ :-**

૧. શ્રી પંકજભાઈ નેમચંદ શાહ (પોળની શેરી)

૨. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)

૩. શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો)

૪. શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ પરિવાર (ડંક મહેતાનો પાડો)

૫. શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)

૬. શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી પરિવાર (હ. શ્રી હેમંતભાઈ સાલવી) (સાલવી વાડો)

૭. શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)

૮. શ્રીમતી જશુમતીબેન લલિતભાઈ સુરજમલ શાહ (હ. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ) (ડંક મહેતાનો પાડો)

૯. શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુર મહેતાનો પાડો)

૧૦. શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર બાપુલાલ શાહ (હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ) (લખિયારવાડો)

### હાર્દિક વિજ્ઞપ્તિ :-

મંડળના સમાજ સાથે સંકળાવવાના બે મહત્વના 'જીવન નિર્વાહ સહાય' તથા 'સમેત શિખરજી યાત્રા પ્રવાસ'ના પ્રોજેક્ટોમાં ઉપરોક્ત દાતાઓ સ્વૈચ્છિકપણે જોડાયેલ છે, હજુ વધુ દાતાઓને આ પ્રોજેક્ટમાં આર્થિક સહયોગ આપી જોડાવવા વિનમ્ર વિનંતી છે.


**બંગલો વેચવાનો છે**

**આશિષ સોસાયટી પાટણ**
**બંગલા નંબર-51**

એરિયા : 204.54 વાર ■ બાંધકામ : 125 વાર

પ્રીતિ પરેશ શાહ, કોન્ટેક્ટ : 9323086900

ADVT

## સાભાર સ્વીકાર

**પ્રાથમિક શાળા પ્રોજેક્ટ ભેટ :**

૧૦,૦૦,૦૦૦/- ડૉ. વિક્રમભાઈ વરજીવનદાસ શાહ,
હ. શ્રીમતી જયશ્રીબેન (અમેરીકા) (ખજૂરીનો પાડો)

૯,૦૦,૦૦૦/- શ્રી મુકેશભાઈ નવીનચંદ્ર શાહ (શાંતિનાથની પોળ)

૫,૦૦,૦૦૦/- શ્રી યોગેશભાઈ નેમચંદ બેન્કર
હ. શ્રીમતી ચંદ્રિકાબેન યોગેશભાઈ બેન્કર
(મારફતિયા મહેતાનો પાડો)

૫,૦૦,૦૦૦/- શ્રી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)
(કનાસાનો પાડો)

**જીવન નિર્વાહ ભેટ :**

૧૧,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)
(કનાસાનો પાડો)

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૧૧,૦૦,૦૦૦/- શ્રી મુકેશભાઈ ગુલાબચંદ ઝવેરી (લખિયારવાડો)

૧૧,૦૦,૦૦૦/- શ્રીમતી નીલાબેન અશોકભાઈ પોપટલાલ શાહ
(કનાસાનો પાડો)

૭,૦૦,૦૦૦/- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)

૫,૦૪,૦૦૦/- શ્રી રજનીકાંતભાઈ સેવંતીલાલ ઝવેરી (કનાસાનો પાડો)

૭૫,૦૦૦/- શ્રીમતી દત્તાબેન નિર્મલભાઈ શાહ
હ. અંકિતભાઈ એન. શાહ અને ડો. ગૌરવ એન. શાહ
(લખિયાર વાડો)

૨૪,૦૦૦/- શ્રી વિરેન્દ્રભાઈ રસિકલાલ સફરી (ગોદડનો પાડો)

**મેડિકલ સહાય ભેટ :**

૫૦,૦૦૦/- શ્રીમતી દત્તાબેન નિર્મલભાઈ શાહ
હ. શ્રીમતી કિંજલ અંકિત શાહ તથા
શ્રીમતી પૂજા ગૌરવ શાહ

**શ્રીમતી તારાબેન મણિલાલ ગભરૂચંદ શાહ ધાર્મિક પ્રાઈઝ ફંડ :**

૫૧,૦૦૦/- શ્રીમતી કાંતાબેન જયંતિલાલ શાહ(મણિયાતી પાડો)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેઠ :**

૧૧,૦૦૦/- શ્રી નરેશભાઈ મણિલાલ ઝવેરી
(ચોધરીની શેરી)

૫,૦૦૦/- શ્રીમતી શકુંતલાબેન રમણલાલ શાહ
(ઢંઢેરવાડો)

**મેડિકલ/એજ્યુકેશન/જીવન નિર્વાહ સહાય ભેટ:**

૧૫,૦૦૦/- શ્રી વિજયભાઈ જશવંતલાલ શાહ
સ્વ. શ્રી જશવંતલાલ પુનમચંદ શાહ
(વસાવાડો) ની પુણ્યતિથી નિમિત્તે
હ. શ્રીમતી ધ્વની અંકિતભાઈ શાહ,
શ્રી વૈભવભાઈ હીતેશભાઈ ગાંધી

૧૫,૦૦૦/- શ્રી વિજયભાઈ જશંતલાલ શાહ
સ્વ. શ્રીમતી પદમાબેન જશવંતલાલ શાહ
(વસાવાડો)ની પુણ્યતિથી નિમિત્તે
હ. શ્રી અંકિત વિજયભાઈ શાહ,
શ્રી એકતા વૈભવભાઈ ગાંધી
શ્રી વૈદ વૈભવભાઈ ગાંધી

**મેડિકલ સહાય / શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રીમતી પ્રવિણાબેન લલિતભાઈ શાહ
(ખડાખોટડીનો પાડો)
હ. શ્રી જતિનભાઈ લલિતભાઈ શાહ

**સિનિયર સિટીઝન સહાય ભેટ :**

૧૧,૦૦૦/- ડૉ. જનકભાઈ રમણલાલ શાહ (લખિયારવાડો)
સ્વ. શ્રીમતી પુષ્પાબેન રમણલાલ શાહના સ્મરણાર્થે

૧૧,૦૦૦/- શ્રીમતી હર્ષાબેન જયેશભાઈ શાહ
(મારફતિયા મહેતાનો પાડો)
સ્વ. શ્રીમતી પુષ્પાબેન રમણલાલ શાહના સ્મરણાર્થે
(લખિયારવાડો)

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | મલ્લાતનો પાડો | પ્રવિણચંદ્ર નવીનચંદ્ર શાહ | ૭૧ | કાંદિવલી | ૧૮-૦૬-૨૩ | જેઠ વદ ૩૦ |
| દશા શ્રીમાળી | ગોદડનો પાડો | ઈન્દુબેન ચંદ્રકાંતભાઈ સફરી | ૮૪ | ગોરેગામ | ૨૧-૦૬-૨૩ | અષાઢ સુદ ૦૩ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | શકુંતલાબેન રમણલાલ શાહ | ૭૬ | મુંબઈ | ૨૨-૦૬-૨૩ | અષાઢ સુદ ૦૪ |
| વિશા પોરવાળ | ઝવેરી વાડો | કીરીટભાઈ કાંતિલાલ શાહ | ૬૪ | બોરીવલી | ૨૪-૦૬-૨૩ | અષાઢ સુદ ૦૬ |
| વિશા પોરવાળ | લખિયારવાડો | સરલાબેન બાબુભાઈ શાહ | ૮૮ | ગોરેગામ | ૨૭-૦૬-૨૩ | અષાઢ સુદ ૦૯ |
| દશા ઓસવાલ | ખજૂરીનો પાડો | સીમાબેન કિરણભાઈ ચોક્સી | ૮૦ | બોરીવલી | ૦૬-૦૭-૨૩ | અષાઢ વદ ૦૩ |
| દશા ઓસવાલ | તંબોલી વાડો | વિક્રમભાઈ સારાભાઈ શાહ | ૬૯ | ગોરેગામ | ૧૩-૦૭-૨૩ | અષાઢ વદ ૧૧ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● July 2023 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# સૌરભ મેડિકલ હેલ્થ કેર મુખ્ય દાતાશ્રીઓ - ગોરેગામ, જવાહર નગર



શ્રીમતી નીલાબેન અશોકભાઈ શાહ
(કનાસાનો પાડો)
રૂા. ૫૦ લાખ





શ્રીમતી રશ્મિકાબેન નિરંજનભાઈ શાહ
(કનાસાનો પાડો)
રૂા. ૫૦ લાખ



શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી
(બ્રાહ્મણવાડો)
રૂા. ૫૦ લાખ



શ્રી શીરીષભાઈ મફતલાલ ઝવેરી
(કોકાનો પાડો)
રૂા. ૨૫ લાખ





ડૉ. સેવંતીલાલ મોહનલાલ શાહ
(વખતજીની શેરી)
રૂા. ૨૫ લાખ

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,